નવી બાબત ૨૦૧૬-૧૭
આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવા બાબત. રૂ.૬૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૩૨૦૧૫/૮૮૫૮૬૯/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૫ /૭/૨૦૧૬

વંચાણે લીધાઃ- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૮/૧૨/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ વિજાક/ શિક્ષણ/ન. બા./૨૦૧૬-૧૭/૩૮૫૧

ઠરાવઃ-

વંચાણ હેઠળના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૧૮/૧૨/૨૦૧૫ના પત્રથી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવા માટે નાણાકીય સહાય આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવા માટેની વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૬૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા છસો લાખ પુરા)ની નવી બાબતને નીચેની શરતોએ આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઇ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ધ્વારા યુનિવર્સિટી/ઇન્સ્ટીટયુશનની કવોલીટીની ખાત્રી કરી વિખ્યાત પ્રમાણિત યુનિવર્સિટી માટેના ક્રાઇટેરીયા નકકી કરવાના રહેશે અને આવી યુનિવર્સિટી/ઇન્સ્ટીટયુશન માટે જ લોન ચૂકવવાની રહેશે.

(૮) આર્થિક પછાત વર્ગના સ્નાતક કક્ષાએ ૬૦ % કે તેથી વધુ ગુણ મેળવનાર અને રૂ. ૪.૫૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) ની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા કુટુંબના વિદ્યાર્થીઓને વિદેશમાં ચાલતા પોસ્ટ ગ્રેજયુએટ કક્ષાના, પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના અભ્યાસ ક્રમો માટે રૂ.૧૫.૦૦ લાખ લોન તરીકે મંજૂર કરવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ૬૨૨૫ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાત વર્ગના કલ્યાણ માટે લોન, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર-બીકેસી- આર્થિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ ને લોન (સા.શૈ.પ.વર્ગો) યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩/૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(સાશૈપવ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી